dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
July 2014 For private circulation only Vol. 06 - Issue 133

सेवा हृदय और आत्मा को पवित्र करती है। सेवा से ज्ञान प्राप्त होता है, और यही जीवन का लक्ष्य है।

स्वामी शिवानन्द

प्रवृत्ति और निवृत्ति दोनों के बीच में जो सेवा मार्ग है, चाहे उसे कर्मयोग ही कहो वही जीवन को सार्थक कर सकता है, वही जीवन को ऊंचा और पवित्र बना सकता है ।

प्रेमचन्द

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

'સેવા' ભાષણનો કે લેખ લખવાનો વિષય નથી પણ જીવવાનો વિષય છે તેવો મારો નમ્ર મત છે.

ભારતીય સંસ્કૃતિમાં-શાસ્ત્રોમાં 'માનવધર્મ', 'સેવાધર્મ' એવા શબ્દ પ્રયોગો કરવામાં આવ્યા છે. સેવાને ધર્મનો દરજ્જો આપવો તે જેવી તેવી વાત નથી. છતાં મારે દુ:ખ સાથે લખવું પડે છે કે, પશ્ચિમના દેશોની કોઈ પણ યોજનામાં - સમાજજીવનમાં માનવને જેટલા પ્રમાણમાં કેન્દ્રસ્થ કરવામાં આવ્યો છે તેના દસ ટકા પણ આપણે કરી શકયા નથી. માણસથી આગળ કંઈ જ નથી તે સમજવામાં આપણે ઘણા પાછળ રહી ગયા છીએ. માણસ બીજા માણસને મદદ નહીં કરે તો પછી બીજું કરશે શું? આપણા આદ્યકવિ નરસિંહ મહેતાએ કેટલા વર્ષો પછી કાવ્ય સ્વરૂપે લખ્યું હતું:

"વૈષ્ણવજન તો તેને રે કહીએ
જે પીડ પરાઈ જાણે રે"

પારકી પીડાને જાણવી અને એ પીડા પોતાની જ છે તેમ સંવેદનશીલતાપૂર્વક સમજી એને દૂર કરવા કે ઓછી કરવા થઈ શકે તે બધું જ કરવું તે માણસ તરીકેની આપણી ફરજ છે. વૈષ્ણવ એટલે વણિક એવો મર્યાદિત અર્થ નરસિંહ મહેતાના મનમાં ન જ હોય. આપણે વૈષ્ણવજન બનીએ અને એથી ય આગળ વધી વૈશ્વીકજન બનીએ ને માણસની વ્યાખ્યામાં આવીએ.

કેવળ 'સ્વ' માટે વિચારવું એ તો ઘણો સંકુચિત ખયાલ છે. 'સ્વ' માંથી બહાર નીકળી 'સર્વ' માટે વિચારતા થઈએ. જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિ ઉમાશંકર જોષીએ લખ્યું છે:

"વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી
પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ"!

માનવપ્રેમનો કેટલો બધો વિસ્તાર કવિના મનહૃદયમાં થયો છે! ઉદાત્ત જીવનવિચારોને આપણે આત્મસાત્ ન કરી શકીએ? કવિમિત્ર કૃષ્ણ દવેની પંકિતઓ આ ક્ષણે આંગળીને ટેરવે આવીને ગોઠવાઈ ગઈ છે. તેઓ લખે છે:

"કેવળ અહીંયા તમે જ મ્હાલો?
બીજાને પડતો ન ઝાલો?

કહેવાયું છે કે, પ્રભુને પ્રાર્થના કરવા માટે લંબાવેલા બે હાથ કરતાં જરૂરિયાતમંદ માણસને મદદ કરવા માટે લંબાવેલો એક હાથ વધારે મહત્વનો છે. ભગવાનને બત્રીસ જાતના પકવાન ધરાવીએ એની સામે વાંધો ન જ હોઈ શકે પરંતુ પડોશમાં રહેતો માણસ ભૂખથી ટળવળતો હોય તે તરફ પણ ધ્યાન જવું જોઈએ. એની પાસે જઈ એના દુ:ખનું કારણ પૂછી શકાય. શકય હોય તો તેની આંખમાં આવેલું આંસુ લૂછી શકાય. વેચવાની વિકૃતિ વધી છે એને ઘટાડી વહેંચવાની સંસ્કૃતિનો વ્યાપ વધારી શકાય. સેવા એક એવું અત્તર છે જે બીજા પર છાંટવાથી આપણે સ્વયં મ્હેંકી ઊઠીએ છીએ. રવીન્દ્રનાથ ટાગોર કહે છેઃ 'જુકત કરો સબારસંગે' મતલબ કે બધાની સાથે મને જોડો. પણ એ ત્યારે જ શકય બને જ્યારે આપણી ચેતના વિસ્તાર પામે. દુ:ખનો સૂરજ કોઈના માથે તપતો હોય ત્યારે ઘડીક આપણે એને સાંત્વનાનો છાંયો આપી શકીએ તો અપાર સંતોષ કેશ કરી શકાય.

સુખ વહેંચવાથી વધે છે તેવું અનુભવવાણી કહે છે. ગમે તેટલું સુખ કે સમૃધ્ધિ હોય પણ એકલા એકલા ભોગવવાથી એ સુખ કે સમૃધ્ધિ બેસ્વાદ બની જાય છે. સુખની ભલે એક જ ક્ષણ હોય પણ માણનાર બે જણ હોય તો એનો આનંદ અનેરો છે. કોઈકે કહયું છે તે સાચું છે કે,

"તમે સુખી હો તો જીંદગી હસે છે પણ જીંદગી તમને સેલ્યૂટ કરે છે જ્યારે તમે બીજાને હસાવો છો."

એક ઉર્દૂ શાયરના શબ્દો યાદ રાખવા જેવા છે:

"યે દબદબા યે હકૂમત
યે નશા - એ - દૌલત
કીરાયેદાર હૈ સબ
ઘર બદલતે રહતે હૈ."

માટે જ આપણે માણસ તરીકે બીજા માણસને મદદ કરીએ, એને ટેકો આપીએ તેમાં આપણી માણસાઈ છે.

તા. ૧૫ જૂલાઈ, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## સમર ફિટનેસ કેમ્પ



વીર નર્મદ યુનિવર્સિટી સમગ્ર ભારતની એવી એક યુનિવર્સિટીઓમાંથી છે. જે પ્રતિવર્ષ પોતાના ખેલાડી ભાઈઓ-બહેનો માટે સમર ફિટનેસ કેમ્પનું આયોજન કરે છે. જે એક ગર્વની બાબત છે. આ વર્ષે તા. ૧-૬-૧૪ થી તા. ૨૧-૬-૧૪ દરમ્યાન યોજાયેલા સમર ફિટનેસ કેમ્પની અંદર લગભગ ૧૧૫ જેટલા ખેલાડી ભાઈઓ-બહેનોએ કોચીંગનો લાભ લઈને પોતાની શકિત વિકાસ થાય એ દિશામાં આરંભ કર્યો છે. ડેપ્યુટી રજીસ્ટ્રાર ડૉ. આર. સી. ગઢવીના પ્રમુખપદે યોજાયેલા પૂર્ણાહુતિ સમારંભમાં બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન કિરીટસિંહ વાસદીયા ઉપસ્થિત રહયા હતા. ડૉ. આર . સી. ગઢવીએ જણાવ્યું કે રમત-ગમતમાં સિધ્ધિ હાસલ કરવાથી સમાજ જીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં વ્યવસ્થા ક્ષેત્રે પણ સરકારી, પ્રાઈવેટ, કો-ઓપરેટીવ કે અન્ય તમામ ક્ષેત્રોમાં નોકરી અને વ્યવસાયની તક પણ ઉજળી બને છે. આવનાર વર્ષમાં તમને આ કેમ્પમાં મળેલી ટ્રેનીંગ ઉપયોગી થાય અને તમે તમારી યુનિવર્સિટીનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઉજાળો તેવી શુભેચ્છા. બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેશ્રી કિરીટસિંહ વાસદીયાએ મહેનત બિરદાવી હતી અને શુભેચ્છા પાઠવી હતી. બાસ્કેટબોલ કોચશ્રી આર. સી. ભાલાવાલાએ કેમ્પ અંગે વિગતવાર માહિતી આપી હતી. ખેલાડી ભાઈઓ-બહેનો તરફથી કુ. પૂજા ચૌરૂષિએ ફિટનેસ કેમ્પની સમગ્ર ગતિવિધિઓને જીવનમાં ઉપયોગી બનાવવાની ખાત્રી આપી હતી. તેમજ પ્રસ્તુત કેમ્પ વર્ષ દરમ્યાન બે વખત રાખવાની વિનંતી કરી હતી.

સમર ફિટનેસ કોચીંગ કેમ્પના કોચશ્રી રાજુ ભાલાવાલા, શ્રી મદનસિંહ ઠાકોર, શ્રી કેતન પટેલ અને શ્રી ચેતન પટેલનું ડેપ્યુટી રજીસ્ટ્રાર ડૉ. આર. સી. ગઢવીને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આભાર વિધિ શ્રી કેતન પટેલે કરી હતી અને સંચાલન ખો-ખો, કબડ્ડી એન.આઈ.એસ. કોચશ્રી મદન સિંહ ઠાકોરે કરી હતી.

## Ph.D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat.

**AQUATIC BIOLOGY**

1 Talsania, Niharika Girishbhai. **Some observations on status of fish marketing in and around Surat city.** (Dr. Mohini Gadhia), Professor and Head, Department of Aquatic Biology, Veer Narmad South Gujarat University, Surat. (31-3-2014).

**BIOSCIENCE**

1 Anjaneyulu, Kambhampati. **Computational comparative genomics of non proteo-gram negative infections bacteria.** (Dr.P.V.Desai), Professor and Head, Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat. (11-3-2014).

2 Mahajan, Anjali Kashinath. **Studies on surface water quality of Dara Dam taluka-Shahada, dist-Nandurbar. (Maharashtra).** (Dr.S.K.Tank), Professor,Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat. (19-2-2014).

3 Naika, Pranav Rajendrabhai. **Optimization of cost effective quantitative immunoturbidimetric test reagent for detection of CRP-A market for the diagnosis and monitoring of acute inflammation and its comparison with presently available test kits.** (Dr.P.B.Desai), Director S.R.I. of C.E. and Applied Sciences, Surat. (15-1-2014).

4 Patil, Ashok Pandurang. **Computational comparative genomics of proteo bacteria.** (Dr.P.V.Desai), Professor and Head, Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat. (6-1-2014).

5 Shah, Manisha Nijay. **Phenotypic and molecular detection of AmpC B lactamases from infectious neonates.** (Dr.P.B.Desai), Director S.R.I.of C.E.and Applied Sciences, Surat. (2-1-2014).

6 Soni, Kunjal Vrajlal. **Effects of heavy metals on growth of some pulses and their in vitro removal by pseudomonas species.** (Dr.Y.J.Thanki), Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat. (14-3-2014).

**CHEMISTRY**

1 Lakdawal, Mahendra Mohanlal. **Studies on antibiotic eluting hydroxyapatite coated orthopaedic implant.** (Dr.H.M.Malik), Assistant Professor, Navyug Science College, Surat. (26-12-2013).

2 Mistry, Priyankkumar Prakashchandra. **Synthesis, characterization and biological evalution of nitrogenous heterocyclic derivatives.** (Dr.V.A.Desai), Principal, B.K.M. Science College, Valsad. (25-2-2014).

3 Oza, Amee I. **Studies on removal of dyes from effluent water by adsorption on various natural adsorbents.** (Dr. (Smt.) S. K. Patel), Associate Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat. (13-1-2014).

# કોલેજ ન્યૂઝ

## કારકિર્દી

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા.૨૫/૫/૧૪ના રોજ ડૉ. સૌરભ જે. દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ઈન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ સ્ટડીઝ, આમડપોર, નવસારી ખાતે આઈ.એ.એસ. કોચિંગ સેન્ટરમાં પ્રવેશ મેળવવા માટેની આઈ.એ.એસ.એન્ટ્રન્સ પરીક્ષા યોજવામાં આવી હતી. પ્રિ. ડૉ. જે.એમ.નાયકના માર્ગદર્શન હેઠળની સમગ્ર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં કુલ ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પરીક્ષા માટે ઈન્સ્ટીટયુટ તરફથી શ્રી રોનકભાઈ મહેતા અને તેમની ટીમનાં સભ્યો હાજર રહયા હતા. કોલેજ તરફથી પ્રા. એમ.જી.પટેલ અને પ્રા. એમ.એ. મુલ્લાએ પરીક્ષા

અંગેની જરૂરી વ્યવસ્થા કરી હતી તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## સ્વાગત

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્. સુરતના વર્ષ ૨૦૧૪/૧૫ના તાલીમાર્થીઓનો સ્વાગત સમારંભ ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષીના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવ્યો હતો. ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે શબ્દસુમન દ્વારા સ્વાગત કરી સંસ્થાકીય પરિચય આપ્યો હતો. પ્રાધ્યાપકગણે તાલીમાર્થીઓને પુષ્પ આપી આવકાર્યા હતા. તદુપરાંત ડૉ. પારૂલબેન અને પ્રા. વલ્લભભાઈ, શ્રીમતી નીમાબેન જોષીએ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ પ્રાધ્યાપકગણે અને તાલીમાર્થીઓએ પરિચય આપ્યો હતો. આભારવિધિ પ્રા. વલ્લભભાઈ ઠંઠે કરી હતી. ઉદ્‌ઘોષક તરીકેની ભૂમિકા પ્રા.ડૉ. પત્રલેખાબેન બારડે ભજવી હતી.

## આરોગ્ય

સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ એન્ડ રીસર્ચ સેન્ટર સંલગ્ન છો.બી. સોલંકી પેરીફરલ ડીસ્પેન્સરીઝ અને કાળીદાસ હોસ્પિટલ વ્યારા તથા હોમિયોપેથીક મેડીકલ એસોશીએશન ઓફ ઈન્ડીયા વ્યારા યુનિટના સહયોગી કપુરા ખાતે વિના મૂલ્યે નિદાન અને હોમિયોપેથીક સારવાર કેમ્પ તા.૩/૬/૧૪ના રોજ યોજાયેલ. જેમાં ૬૯ જેટલા દર્દીઓને વિનામૂલ્યે તપાસી દવા આપવામાં આવી હતી. જેમાં ડૉ.સ્વપ્નીલ પરદેશી તથા ડૉ. જે.જે.જૈને સેવા આપી હતી. ઈન્ટર્ની વિદ્યાર્થીઓએ સુંદર કામગીરી બજાવી હતી. આ કેમ્પનું આયોજન આચાર્ય ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતું. આ કેમ્પમાં કેમ્પસ એડમીનીસ્ટ્રેટર શ્રી દક્ષેશભાઈ શાહ અને શૈલેશભાઈ દેસાઈએ સક્રિય સહકાર આપ્યો હતો. સુમુલ ડેરી ઉચ્છલના સહયોગથી ઉચ્છલ તાલુકાના વિવિધ બિમારીઓ ધરાવતા ૭૭ દર્દીઓની ડૉ. બાબુભાઈ સાદડીવાળા તથા ડૉ. નિતિનભાઈ પારેખે વિનામૂલ્યે તપાસ કરી હતી. તથા ૨૨ જેટલા દર્દીઓની વિનામૂલ્યે ઓપરેશન કાળીદાસ હોસ્પિટલ ખાતે કરવા સમજ આપી હતી. તદ્પરાંત તા. ૧-૬-૧૪ના રોજ આંખોના ૯૨ દર્દીઓને ડૉ. ગતિ પંડિતે તપાસ કરી હતી. જેમાં ૪૨ દર્દીઓને રાહતદરે ચશ્મા આપ્યા હતા.

## સત્રારંભ

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં વર્ષ ૨૦૧૪-૧૫ના પ્રશિક્ષણાર્થીઓ માટે તા. ૨૧-૬-૧૪ના રોજ દિક્ષારંભ પ્રવચન ગોઠવાયું હતું. કોલેજના પૂર્વ આચાર્ય અને જાણીતા શિક્ષકવિદ્ ડૉ. દિનુભાઈ નાયકે અધ્યક્ષ તેમજ મુખ્ય વકતાનું સ્થાન શોભાવ્યું હતું. જેમાં દૈનિક પ્રાર્થના સંમેલ અંતર્ગત તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના, ભજન, સુવિચાર અને ગુજરાત કવીઝ રજૂ થયા હતા. આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે મુખ્ય વકતાશ્રીનો પરિચય આપી દિક્ષારંભની ઉચિત પૂર્વભૂમિકા પૂરી પાડી હતી. ડૉ. દિનુભાઈ નાયકે સંસ્થા સાથેની પોતાની અનુભૂતિની વાત કરતાં કરતાં સંસ્થાના ઈતિહાસથી પ્રશિક્ષણાર્થીઓને વાકેફ કર્યા હતા. તેમણે જીવનમાં શીખવાનું મહત્વ જુદા જુદા દ્રષ્ટાંતો દ્વારા સમજાવ્યું હતું. વળી, આધ્યાત્મિક જીવન વ્યકિતને કઈ કક્ષા સુધી દોરી જઈ શકે તે શકયતાઓની વાતો પણ કરી હતી. કાર્યકમની આભારવિધિ પ્રા. ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કરી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રશિક્ષણાર્થીઓ દ્વારા થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીરંગ શિક્ષણ મહલિધાલયે એપ્રિલ ૨૦૧૪માં સીમા ચિન્હરૂપ ત્રિમાસિક ઈ-મેગેઝીન "ધબકાર" પ્રકાશિત કરી સંસ્થાના મુગુટમાં એક સુર્વણ પીંછ ઉમેર્યું હતું. જેની સમારંભના અધ્યક્ષ ડૉ. દિનુભાઈ નાયકે આનંદ અને ગૌરવ સાથે નોંધ લઈ આચાર્યશ્રી અને સ્ટાફને વિશેષ અભિનંદન આપી બિરદાવ્યા હતા.

વી. ટી. ચોકસી બી. એડ્. કોલેજ, સુરતમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ દીપ પ્રાગટ્ય કાર્યક્રમથી થયો હતો. આ જ કોલેજના નિવૃત પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલાબેન નાણાવટીના મુખ્ય મેહમાન પદે અને વહીવટી સમિતિના સભ્ય શ્રી જ્યોતીન્દ્ર લેખડિયાના અતિથિ વિશેષ પદે યોજાયેલા પ્રસ્તુત કાર્યક્રમમાં ડૉ. નાણાવટીએ શિક્ષક ધર્મ સમજાવ્યો હતો જ્યારે શ્રી લેખડિયા એ પોતાના શિક્ષણ કાળને યાદ કરી આદર્શ શિક્ષકોના લક્ષણો વર્ણાવ્યા હતા. પ્રિ. ડૉ. વિનોદ પટેલે સૌનું સ્વાગત કર્યું હતું. ડૉ. વિજય સેવકે મહેમાનોનો પરિચય આપ્યો હતો. ડૉ. નલિન પટેલે આભાર માન્યો હતો. કોલેજના પ્રથમ દિને ૮૦ તાલીમાર્થીઓ હાજર રહયા હતા.

બી. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીનો વર્ષ ૨૦૧૪-૧૫નો સત્રારંભ કાર્યક્રમ બારડોલીની પી. જી. સાયન્સ કોલેજના પ્રિ. ડૉ. ભાવિનભાઈ નાયકના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. કાર્યકારી ડૉ. કિન્નરીબેન પટેલે મેહમાનોને આવકારી તેમનો પરિચય આપી શિક્ષક બનવા ઉત્સુક તાલિમાર્થીઓને તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું. અધ્યક્ષિય પ્રવચન રજૂ કરતા ડૉ. ભાવિનભાઈ નાયકે તાલિમાર્થીઓને જણાવ્યું હતું કે શિક્ષક એ સાધારણ નથી હોતો. સમગ્ર રાષ્ટ્રનું નિર્માણ એ શિક્ષકના હસ્તક જ થતું હોય છે. તમે સૌ એક સારા શિક્ષક બની દેશનું નામ રોશન કરજો અને દેશની પ્રગતિમાં ભાગીદાર બનજો. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલે, ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, એમ. બી. એમ. કોઝવેન્ટ હાઈસ્કૂલના પ્રિ. દર્શનાબેન ટીંમર તથા પુનિત ઈગ્લીશ સ્કૂલના પ્રિ. ગિરિશભાઈ રાઠોડ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની આભારવિધિ પ્રા. ડૉ. મીનાબેન પરમાર તથા સંચાલન પ્રા. ઉમેશભાઈ પટેલે કર્યું હતું.

## સ્પર્ધા

વિવેકાનંદ કોલેજ ફોર બી. એડ્. સુરત, માં વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ પટેલે સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું મહત્વ સમજાવીને તાલીમાર્થીઓના સર્વાગીણ વિકાસ થાય તે અંગેનું માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. જેમાં પ્રથમ ક્રમે પારેખ પૂજા જે., દ્વિતીય ક્રમે બેલીમ ફાયઝા એ. વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા પ્રા. ડૉ. મિનાક્ષીબેન જરીવાલા અને પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડે ભજવી હતી. કાયક્રમમાં ઉદ્‌ઘોષિક તરીકેની ભૂમિકા તાલીમાર્થીની સાજિદા મલેકે ભજવી હતી.

## ઊજવણી

એમિટી બી. એડ્. કોલેજ, ભરૂચમાં "૨૧મી જૂન - વિશ્વ સંગીત દિવસ" ૨૧મી જૂન, ૨૦૧૪ના દિવસે ઉજવવામાં આવ્યો હતો. પ્રા. ભાવના પુવાર દ્વારા પ્રક્ષિણાર્થીઓને વિશ્વ સંગીત દિવસ અંગે સમજ આપવામાં આવી હતી, સાથે ગીત-સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રશિક્ષણાર્થી મિત્રોના ગીત અને સંગીતના સાધનોના સમન્વય દ્વારા સમગ્ર વાતાવરણ સંગીતમય બની ગયું હતું. આ સંગીત સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. વાસંતી પરમાર અને પ્રા. પારૂલ પટેલે બજાવી હતી. આ સ્પર્ધામાં બંકિતાબેન, રોહાણીબેન અને જીજ્ઞનેશભાઈ અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રશિક્ષણાર્થી મેઘાબેન અને પ્રતિષ્ઠાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાંચન વિશેષ

### ઐતિહાસિક સંશોધન

સંપાદકઃ દુર્ગારામ કેવળરામ શાસ્ત્રી
અમદાવાદઃ ગુજરાતી સાહિત્ય પરિષદ્, ૧૯૭૭, પૃ. ૭૩૫.

લેખકે ઐતિહાસિક સંશોધનના દાયરામાં જે અંશતઃ પણ આવી શકે-પછી એનો વિષય રાજકીય, ધાર્મિક, ભૌગોલિક, વૈજ્ઞાનિક ગમે તે હોય-એવાં લખાણોને અહીં એકઠાં કર્યા છે. જેમાં ઐતિહાસિક દ્રષ્ટિ, ગુજરાતી ઐતિહાસિક સાહિત્ય, પ્રાચીન વસ્તુઓના સંગ્રહની અને તેની નોંધની આવશ્યકતા, 'રાણક એક નહીં બે'ની ચર્ચા, જગદેવ પરમાર, ચન્દ બરદાઈનો પૃથ્વીરાજ રાસો, પૃથ્વીરાજ ચૌહાણ, વિદ્યાપતિ બિલ્હણના સમયનો વિચાર, ચક્રધર સ્વામી, સર્વતંત્ર સ્વતંત્ર વાચસ્પતિમિશ્ર, 'નરસિંહ મહેતાના કોયડા'નો વિચાર, કવિકુલગરુ કાલિદાસનો સમય, રાજા ભોજનો સમકાલીન કાલિદાસ બીજો, અગિયારમાથી સોળમા શતકની વૈષ્ણવભકિતનું પૃથ્થકરણ, ભગવતનો સમય, શ્રીમદ ભાગવતપુરાણ, સિંહસ્થના મેળામાં જોએલા બાવાસાધુઓ, ગુજરાતના બ્રાહમણ ધર્મ અને તત્વજ્ઞાન સંબંધી અન્વેષણ-સાહિત્યની સૂચિ, બૃહત્તર ભારત ઉપર એક ઊડતી નજર, ગુપ્તયુગનું વિહંગાવલોકન, આપણા દેશને ગુજરાત નામ કયારે મળ્યું?, પ્રાચીન ગુર્જરદેશ અને ગુર્જરજાતિ, યાદવોનું કુળ, મૃગદાવ-સારનાથની યાત્રા, પ્રાચીન દ્વારકાપુરી, જેઠવાઓ, ગુજરાતનું જૂનું પાટનગર, મંદિરોનું નગર જામનગર, વિવાહ પધ્ધતિ, સતી પ્રથાનો થોડો ઈતિહાસ, મુસલમાની સમયમાં કેળવણીને ઉત્તેજન, ભારતવર્ષની પ્રાચીન ઈસ્પિતાલો, હિન્દુસ્તાનનાં જૂનાં તોલ અને માપ, ગુજરાતનું વૈધક સાહિત્ય, પ્રાચીન સમયમાં ક્ષૌરકર્મનો રિવાજ, ભૃગુપુર-ભરૂકચ્છ-ભરૂચ, સોમનાથ, માતૃગયા સિધ્ધપુર, દ્વારકાપુરી, ડાકોરજી, ગુજરાતનાં દેવીતીર્થો, મોઢેરાનું સૂર્યમંદિર, ખેડબ્રહ્મા, શામળાજી, જૈનતીર્થો, આબુ, અર્બુદગિરિ, ગિરનાર અને ગિરિનગર, શત્રુંજય તીર્થ, સ્વામીનારાયણ સંપ્રદાયનાં તીર્થો, કચ્છનં તીર્થસ્થાનો, પરિશિષ્ટ, પુરવણી સ્વરૂપે અહિચ્છત્ર જ્ઞાતિ, સૂચિ અને સમયનિર્દેશનો સમાવેશ થાય છે. ત્રૈમાસિક-માસિકોમાં પ્રકાશિત થયેલા લેખકોનો સંગ્રહ એટલે 'ઐતિહાસિક સંશોધન' ગ્રંથ. આ ગ્રંથમાં લેખોને કાલાનુક્રમમાં નહી પણ વિષયવાર વિભાગ પાડીને ગોઠવવાની પધ્ધતિ લેખકે સ્વીકારી છે. દરેક મૂળ લેખ કયાં અને કયારે છપાયો હતો તે અંતમાં 'સમયનિર્દેશ'માં જોવા મળે છે. ઐતિહાસિક સંશોધનના પ્રત્યેક લેખમાં સામગ્રી એકઠી કરવાની જહેમત, હકીકતોની ચકાસણી કરવાની તત્પરતા અને એમને શાસ્ત્રીય ઢબે સંકલિત કરવાની સૂઝ આ ગ્રંથમાં જોવા મળે છે. લેખક કહે છે કે, "ઐતિહાસિક દ્રષ્ટિનો આ દેશમાં જૂના કાળમાં ઉદય જ નહોતો થયો. ગ્રીસ જેવા દેશમાં ઘણા જૂના કાળમાં ઐતિહાસિક દ્રષ્ટિનો ઉદય થયો હતો એ પ્રસિધ્ધ છે; પણ આ દેશમાં તો બ્રિટિશ અમલ પછી જ ઐતિહાસિક દ્રષ્ટિ-જો કે વિરલ પ્રમાણમાં પણ-ઉદય પામી છે અને કદાચ આ અવસ્થાકારણથી આ છોડ હજી ઘણો કોમળ છે અને અનેક પ્રકારનાં જોખમોથી એનું રક્ષણ કરવાની જરૂર છે. ... ઈતિ હિ આસ એ રીતે ઈતિહાસ શબ્દની નિરુકિત કરવામાં આવે છે, પણ એ નિરુકિતમાંથી પહેલાં બનેલી-પરંપરામાંથી સાંભળેલી જૂની વાતો-એટલો જ ઈતિહાસ શબ્દનો અર્થ નીકળે છે. બ્રિટિશ અમલ પહેલાં ઐતિહાસિક દ્રષ્ટિનો અભાવ એ અવિસ્મરણીય ઐતિહાસિક ઘટના છે. બ્રિટિશ અમલની શરૂઆતથી જ પરદેશી વિદ્વાનોની પ્રેરણાથી ઐતિહાસિક અન્વેષણ વિચારાદિની આપણા વિદ્વાનોમાં પણ જાગૃતિ આવી અને પંડિત ભગવાનલાલ ઈન્દ્રજી, ડૉ. રામકૃષ્ણ ભાંડારકર વગેરેમાં પ્રથમ શ્રેણીના પરદેશી પુરાવિદો અને પ્રાચ્યવિદ્યાવિદો પણ જેનો સ્વીકાર કરતા, એવી શુધ્ધ ઐતિહાસિક દ્રષ્ટિ ખીલી ખરી, પણ સામાન્ય રીતે તો હજી સાચી ઐતિહાસિક દ્રષ્ટિ આપણે ત્યાં વિરલ જ છે. ભારતકાળમાં એ શબ્દમાં એથી વધારે અર્થ નહોતો, એટલે તો મહાભારત જેવો ગ્રંથ ઈતિહાસ ગણાય છે, એથી જ સિધ્ધ થાય છે. છતાં મહાભારતમાં શાંતિપર્વમાં ઉદાહરણોરૂપે કહેવાયેલાં અનેક વ્યાખ્યાનોના આરંભમાં અત્રૈવોદાહરન્તીમ ઈતિહાસ પુરાતનમ એ રીતે શબ્દો મળે છે અને એમાં જૂની વાત-જૂની કથા એવો ચોખ્ખો અર્થ છે. એ જોવાથી બિલકુલ શંકા નહિ રહે. અને ભારતકાળમાં લોકકથાથી ઈતિહાસ જૂદો ન પડયો, તે આપણા બ્રિટિશ અમલ પહેલાંના આજ સુધીના ઈતિહાસમાં ન પડયો... દંતકથા એ જ ઈતિહાસ એ પ્રાચીન માન્યતાના સંસ્કારો સામાન્ય જનતાનાં ચિત્તને અતિ દ્રઢતાથી વળગી રહયા છે. દંતકથા અને ઈતિહાસ વચ્ચેનો ભેદ સમજવા જેટલી કેળવણી વાંચનાર વર્ગનો મોટો ભાગ વંચિત છે. અને ઐતિહાસિક વેશ ધારણ કરવાથી એટલે ઐતિહાસિક ગ્રંથના ધોરણને અનુસરી લખવાથી, કોઈ પણ ગ્રંથ ઈતિહાસ નથી બનતો, માત્ર ઈતિહાસભ્છલ બને છે, એ સત્ય પણ આપણે ત્યાં હજી વિરલ-વિજ્ઞાત છે. પરિણામે શુધ્ધ ઐતિહાસિક દ્રષ્ટિ વગરનું ઈતિહાસનામધારી સાહિત્ય ઘણું ઉત્પન્ન થાય છે.'

રાજકીય, ધાર્મિક, ભૌગોલિક, વૈયકિતક, વૈજ્ઞાનિક જેવા વિષયોના લેખો ધરાવતો આ ગ્રંથ અભ્યાસીઓને ઉપયોગી થશે. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : Dr. J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com